# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-07-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## આરોગ્ય મંત્રી –રાષ્ટ્રીય તબીબી આયોગ

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ રાષ્ટ્રીય તબીબી આયોગ અધિનિયમ, 2019માં ઉલ્લેખિત પ્રક્રિયા અનુસાર લોટરી દ્વારા રાષ્ટ્રીય તબીબી આયોગ, સ્વાયત્ત બોર્ડ અને શોધ સમિતિના પાર્ટ-ટાઇમ સભ્યોની પસંદગી કરી હતી.

આગામી બે વર્ષ માટે રાજ્ય/કેન્દ્રશાસિત સરકારોના 10 પાર્ટ-ટાઇમ સભ્યો, રાજ્ય મેડિકલ કાઉન્સિલના 9 પાર્ટ-ટાઇમ સભ્યો, દરેક સ્વાયત્ત બોર્ડના ચોથા પાર્ટ-ટાઇમ સભ્ય અને શોધ સમિતિ માટે એક નિષ્ણાતની નિમણૂકો કરવામાં આવી છે.

------------------------------------------------------------------------------------------------------------

## સીએમ - અધ્યાપકોને ભેટ

રાજ્ય સરકારે શિક્ષકોને રક્ષાબંધન પહેલા મોટી ભેટ આપી છે. અધ્યાપકો માટે કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમને મંજૂરી આપી છે. વર્ષ ૨૦૦૫ પછી નિમાયેલા તમામ અધ્યાપક સહાયકોને આ લાભ મળશે. ૨૦૦૫ના ઠરાવના અધ્યાપકોને પાંચ વર્ષના ફિક્સ પગારદારને તેનો લાભ મળશે. અધ્યાપકોને એરીયર્સની રકમ ત્રણ ત્રણ હપ્પાતામાં ચૂકવાશે. 100 કરોડની રકમ અધ્યાપકોને ત્રણ ત્રણ મહિનાના હપ્તા ચૂકવાશે.

------------------------------------------------------------------------------------------------------------

## પદ્મ પુરસ્કારો માટે નામાંકન

ગણતંત્ર દિવસ **2026**ના અવસરે જાહેર થનારા પદ્મ પુરસ્કારો-**2026** માટે નામાંકન/ભલામણો **15** માર્ચ, **2025**થી શરૂ થઈ ગઈ છે. જેના નામાંકન માટેની છેલ્લી તારીખ **31** જુલાઈ, **2025** છે. પદ્મ પુરસ્કારો માટે નામાંકન/ભલામણો ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https: / /awards.gov.in) પર ઓનલાઈન પ્રાપ્ત થશે.

ઉલ્લેખનીય છે કે, પદ્મ પુરસ્કારો, જેમ કે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. **1954**માં સ્થાપિત આ પુરસ્કારોની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ નગરપાલિકા દ્વારા પેચ વર્કની કામગીરી

કચ્છમાં ભારે વરસાદને કારણે ભુજ શહેરના વિવિધ રોડ રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા હોય ભુજ નગરપાલિકા દ્વારા વિવિધ વોર્ડમાં મેટલિંગ કરીને પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. ભુજ નગરપાલિકા દ્વારા ટ્રેક્ટરથી મેટલિંગ કરીને પેચવર્કથી ખાડાઓને રીપેર કરવામાં આવી રહ્યા છે. ભુજ નગરપાલિકા દ્વારા રોડ રસ્તાઓના ખાડાઓના પેચવર્ક ઉપરાંત સાફસફાઈ, ડ્રેનેજ લાઈન મેઈન્ટેન્સ, માર્ગોની સામૂહિક સફાઈ, માખી મચ્છરના ઉપદ્રવ સામે દવાનો છંટકાવ વગેરે કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારની સૂચના અન્વયે નાગરિકોને પરિવહનમાં કોઈ જ મુશ્કેલી પડે નહીં તે માટે રાત દિવસ ભુજ નગરપાલિકા દ્વારા સમારકામ અને તેના સંબંધિત તમામ કામગીરી કરવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા ખાતેનો બ્રીજ બંધ

હાલ સમગ્ર રાજ્યમાં બ્રીજ અને પુલના ઈન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકામાં બરાયા બ્રીજને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડીને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. જોકે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વાહનચાલકોની સલામતીને ધ્યાને લઈને આ બ્રીજ ઉપર ભારે વાહનોનો પ્રવેશ સંપૂર્ણ રીતે

અટકાવવા માટે પથ્થરોની આડશ મૂકવામાં આવી છે. આ ઉપરાંત, કોઈપણ પરિસ્થિતિમાં ભારે વાહનો બ્રીજ ઉપરથી પસાર થાય નહીં તેને ધ્યાને લઈને હાઈટ બેરિયર મૂકવામાં આવ્યા છે. ભારે વાહનો માટે વૈકલ્પિક રોડ નિયત કરવાની સાથે જ આ બ્રીજ ખાતે વિવિધ ચેતવણીસૂચક બોર્ડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા લગાવવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## કૃષિ ઉત્પાદકતા અને ખાદ્ય સુરક્ષા

કૃષિ ઉત્પાદકતા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ખાતરો મહત્વની ભૂમિકા ભજવે છે. જે ખાતર નિયંત્રણ હુકમ, ૧૯૮૫ દ્વારા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ નિયંત્રિત થાય છે. સારા વરસાદને લીધે મોટા પ્રમાણમાં ખેતી પાકોનું વાવેતર થવાને લીધે ખાતરની ઉચી માંગને કારણે ડુપ્લીકેટ ખાતર/ભળતાનામ વાળા ખાતર/નીચી ગુણવતાવાળા ખાતરો લેભાગુ તત્વો દ્વારા વેચાઈ શકે શકે છે. તે બાબતે તમામ ખેડૂત/વિક્રેતા એ સતર્ક રહેવા જણાવવામાં આવે છે.

તેમજ સબસીડાઇઝ ખાતરોની કાળાબજારી, વધુ ભાવ લઇ વેચાણ, ડાયવર્ઝન અને સંગ્રહખોરી, બાબતે ગામ/તાલુકામાં અનિયમિતા જણાય તો તે અંગે તાલુકા કક્ષાએ ખેતીવાડી શાખા, ખેતી અધિકારીને જાણ કરવા તેમજ જિલ્લાકક્ષાએ નાયબ ખેતી નિયામકની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર બિલ્ડીંગ, સંસ્કાર નગર, ભુજ-કચ્છ કંટ્રોલ રૂમ નંબર : ૦૨૮૩૨-૨૨૧૦૩૮ પર રજૂઆત કે ફરિયાદ કરવા એક યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## હાઉસિંગ કો-ઓપરેટીવ સોસાયટી

કચ્છ જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારોની તમામ હાઉસીંગ કો-ઓપરેટીવ સોસાયટી તથા હાઉસીંગ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઓએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળાનું ઓડીટ રજિસ્ટ્રારની પેનલ પરના ઓડીટર દ્વારા કરાવવાનું રહેશે. જે માટે ઓડીટરની ઠરાવથી નિમણુંક કરવી પડશે. ઓડીટની કામગીરી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધી પૂર્ણ થવી જરૂરી છે.

**હોદ્દેદારોએ ઓડીટ પૂર્ણ થયા બાદ ઓડીટ અહેવાલ સંબંધિત કચેરીમાં રજુ કરવો પડશે. આ અંગેની તમામ જરૂરી કાર્યવાહી સમયમર્યાદા પૂર્વે કરવી જરૂરી છે. તેવું હાઉસિંગ કો-ઓપરેટીવ સોસાયટીના અધિકારીની એક યાદીમાં જણાવાયું છે.**

**--------------------------------------------------------------------------------------------**